PWAPP-LC/170/2012 ORDER

Registration No.: PWAPP-LC/170/2012
Filing No.: PWAPP-LC/170/2012
Filed On: 26/04/2012
Registered On : 26/04/2012

**પે.વે.અરજી નં. ૧૭૦/૨૦૧૨**

**:: આંક : ૨ હેઠળ હુકમ ::**

સાંભળ્યા. સદર કામે આ કામમાં એટેચમેન્ટની અરજી અને તેની દાદ જોતાં અને કાયદાના પ્રબંધો ઘ્યાને લેતાં તેમજ C.P.C. ઓર્ડર–૩૮ના પ્રબંધો ઘ્યાને લેતાં કોઈ મિલકત ટ્રાન્સફર થાય છે અથવા કરે છે તેનો સબળ પુરાવો હોવો જોઈએ. આ કામમાં માત્ર અરજી સિવાય કોઈપણ પ્રકારનો દસ્તાવેજી પુરાવો ટ્રાન્સફર કરવાની પેરવી કરી રહયા છે તે સંબંધેનો રજુ થયેલો નથી કે અરજદારે કરેલ નથી. એટલું જ નહીં પરંતુ આ અરજી તા.૨૬–૦૪–૨૦૧૨ ના દાખલ થયા બાદ આજદિન સુધી પણ ટ્રાન્સફરની પેરવી કરી રહયા છે, તે પરત્વે કોઈ પુરાવો રજુ થયેલો નથી. તે સંજોગોમાં તેમજ આટલા વખત સુધી અરજદાર અરજીની સુનાવણી કરતાં નથી કે અરજીની સુનાવણી થઈ નથી. તે જોતાં અરજદારને કોઈપણ પ્રકારની અરજન્સી હોવાનું માલુમ પડતુ નથી. જયારે C.P.C. ઓર્ડર–૩૮ અને ઓર્ડર–૩૯ ના પ્રબંધો ઘ્યાને લેતાં એક માસમાં આવી અરજીઓનો નિકાલ કરવાનો આજ્ઞાત્મક પ્રબંધ છે. જેથી તથા ઉપર ચર્ચા કરી તે પ્રમાણે આ કામે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ ન હોય તથા આ કામે આંક–૨ની અરજીમાં જે પ્રકારની દાદ માંગવામાં આવેલ છે તે દાદ જોતાં હાલની અરજી ગ્રાહય રાખી શકાય તેમ નથી, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

અરજદારની આંક–૨ની અરજીનો નિર્ણય આંક–૧ સાથે કરવાનું ઠરાવવામાં આવે છે. તે રીતે આંક–૨ ની અરજી આ તબકકે ફેસલ કરવામાં આવે છે. ખર્ચ અરજીના આખરી નિર્ણયને અનુસરશે.

આ હુકમ તા.૧૩–૧૧–૨૦૧૪ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સુરત.
તા.૧૩–૧૧–૨૦૧૪.

(મોહંમદફારુક અબ્દુલરહેમાન વલીયાણી)
ઓથોરીટી અન્ડર ધી પે.વે.એકટ,
મજુર અદાલત, સુરત.
Unique identification
code No. GJ00365